# ડીસામાં ભાજપના કાર્યકરોનો કેન્દ્ર નિરીક્ષક બી.એલ. સંતોષે કાર્યકરોનો ક્લાસ લીધો



ડીસા, તા. ૨૦

ડીસા વિધાનસભા બેઠક માટે ભાજપનું ચૂંટણી પ્રચાર અભિયાન તેજ થઈ ગયું છે. જેમાં ભાજપના કેન્દ્રીય નિરીક્ષક બી. એલ. સંતોષ દ્વારા આજે ડીસા ખાતે ભાજપના ચૂંટણી કાર્યકરોની બેઠક યોજાઈ હતી.

ભાજપના કેન્દ્રીય ચૂંટણી નિરીક્ષક બી. એલ.સંતોષ દ્વારા ડીસા પાલનપુર હાઈવે પર આવેલ એક હોટલમાં ભાજપના સંગઠનના તમામ પદાધિકારીઓ, જિલ્લા અને તાલુકા પંચાયતના ચૂંટાયેલા સદસ્યો, નગરપાલિકાના ચૂંટાયેલા કોર્પોરેટરો તેમજ શક્તિ કેન્દ્રના પ્રમુખો સાથે યોજી મેરેથોન બેઠક યોજી ડીસા વિધાનસભામાં વધુમાં વધુ ભાજપ તરફી મતદાન થાય તેમજ કેન્દ્ર અને ગુજરાત સરકારની યોજનાઓ દરેક લોકોના મન સુધી પહોંચે તે માટે હાકલ કરી હતી. બેઠકમાં રાજ્યસભાના સંસદસભ્ય દિનેશભાઈ અનાવાડીયા, ડીસાના ધારાસભ્ય શશીકાંત પંડ્યા, જિલ્લા મહામંત્રી ડાયાભાઈ પીલીયાતર સહિત આગેવાનો ઉપસ્થિત રહ્યા હોવાનું મિડિયા સેલ કન્વીનર કાન્તિલાલ લોધા દ્વારા જણાવવામાં આવ્યું હતું.

# પ્રાંતિજના પિલુદ્રા પ્રાથમિક શાળાનું તાળુ તોડી કુલ-૧૦,૦૦૦ના માલ સામાનની ચોરી

**તસ્કરો ગેસની બોટલો તથા તેલના ડબા ચોરી ગયા : આચાર્ય દ્વારા અજાણ્યા તસ્કરો વિરૂધ્ધ પોલીસ ફરીયાદ કરી : પ્રાંતિજ પોલીસે અજાણ્યા તસ્કરો વિરૂધ્ધ ગુનો નોંધી તપાસ હાથ ધરી**

પ્રાંતિજ તા.૨૦

સાબરકાંઠા જિલ્લા ના પ્રાંતિજ તાલુકાના પીલુદ્રા ખાતે આવેલ પિલુદ્રા પ્રાથમિક શાળાનું તાળુ તોડી શાળામાંથી કુલ-૧૦,૦૦૦ ના માલસામાન ની ચોરી કરી અજાવ્યા તસ્કરો લઈ જતા આચાર્ય દ્વારા અજાણ્યા તસ્કરો વિરૂધ્ધ પોલીસ ફરીયાદ કરી.

પ્રાંતિજના પિલુદ્રા ગામે આવેલ પ્રાથમિક શાળા મા રાત્રીના સમય કોઈ અજાણ્યા તસ્કરો રાત્રીના શાળામા પ્રવેશ કરી શાળામા આવેલ મધ્યાહન ભોજન ના રસોડાનુ તાળુ તોડી અંદર પ્રવેશ કરી મધ્યાહન ભોજન વિભાગ મા રહેલ સરસામાન વેરવિખેર કરી મધ્યાહન ભોજન મા રહેલ ગેસ ની બોટલ નંગ--૨ જેની અંદાજિત કિંમત-૨૦૦૦ તથા કપાસીયા તેલના ડબા નંગ-૪ જેની અંદાજિત કિંમત-૮૦૦૦ મળી કુલ-૧૦,૦૦૦ ના માલસામાન ની ચોરી કરી અજાણ્યા ચોર ઈસમો પલાયન થતા બીજા દિવસે શાળાએ શિક્ષકો આવતા શિક્ષકો દ્વારા તાળુ તુટેલુ જોતા અંદર તપાસ કરતા ચોરી થઈ હોવાનુ માલુ પડતા પ્રાંતિજ પોલીસ ને ફોન કર્યો હતો તો પ્રાંતિજ પોલીસ સ્ટેશન મા શાળાના આચાર્ય રાજેશ કુમાર હરીભાઈ પંડયા રહે. રોયલ સોસાયટી, મહેતાપુરા તા.હિંમતનગર જિ.સાબરકાંઠા દ્વારા પોલીસ ફરિયાદ કરતા પ્રાંતિજ પોલીસે આઈપીસીકલમ ૪૫૪,૪૫૭,૩૮૦ મુજબ અજાણ્યા તસ્કરો વિરૂધ્ધ ગુનોનોંધી આગળ ની કાયદેસર ની તપાસ હાથ ધરી હતી.

# તલોદ ખાતે આમ આદમી પાર્ટીના કાર્યાલયનો શુભારંભ કરવામા આવ્યો

પ્રાંતિજ તા.૨૦

સાબરકાંઠા જિલ્લા ના તલોદ ખાતે આમ આદમી પાર્ટી ના કાર્યાલય નો શુભારંભ કરવામા આવ્યો હતો જેમા પ્રાંતિજ-તલોદ-પ્રાંતિજ ના આમ આદમી પાર્ટી ના કાર્યકરો આગેવાનો સમર્થકો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. પ્રાંતિજ-તલોદ ૩૩ - વિધાન સભા ની ચુંટણી ને લઈ ને આમઆદમી પાર્ટી દ્વારા પ્રાંતિજ બાદ તલોદ ખાતે પણ આમ આદમી પાર્ટીના કાર્યાલય નો શુભારંભ કરવામા આવ્યો હતો જેમા તલોદ ટી.આઈ.ચોકડી , રામ ઝુંપડી હોટલ , જીએફ પર અક્ષર સ્કેવર કોમ્પલેક્ષ ખાતે કાર્યાલય ને ખુલ્લુ મુકવામા આવ્યુ હતુ તો આ પ્રસંગે આમ આદમી પાર્ટી ના ઉમેદવાર અલ્પેશ પટેલ તથા કાર્યકરો દ્વારા તલોદ કાયદેસર ને ખુલ્લુ મુકવામા આવ્યુ હતુ તો આ પ્રસંગે પ્રાંતિજ તલોદ ૩૩-વિધાનસભા ના આમઆદમી પાર્ટી ના ઉમેદવાર અલ્પેશભાઇ પટેલ, હિતેન્દ્રસિંહ પરમાર , ભાનુસિંહ, રણજીતસિંહ સોલંકી, દેવાગભાઇ પટેલ , ડૉ.રસિકભાઇ પરમાર, સ્નેહલભાઇ, ધમેશભાઇ, મહિલા કાર્યકર કુસુમ બેન પટેલ, કનકસિંહ ઝાલા , રાકેશસિંહ ઝાલા, સંદીપ ભાઇ પરમાર, જીન્દુસિંહ ઝાલા, કાળુસિંહ રાઠોડ, પરમાર પંકજભાઇ સહિત પ્રાંતિજ-તલોદ માંથી આમ આદમી પાર્ટીના કાર્યકરો આગેવાનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા અને તલોદ ખાતે કાર્યાલય નો શુભારંભ કરીને તલોદ શહેર મા ચુંટણી પ્રચારના શ્રી ગણેશ કર્યા હતા.






**વિધાનસભા જંગ : ઈડર વિધાનસભા બેઠકમાં ભાજપના ભવ્ય વિજયનો શંખનાદ દેખાયો**

# ગામે ગામ ભાજપનું પ્રચાર કાર્ય પુર જોશમાં, ઉમેદવાર રમણલાલ વોરાને મળતો વ્યાપક આવકાર

બાયડ, તા.૨૦

ઈડર વિધાનસભા બેઠકનો



જંગ જામી રહ્યો છે. ગામે ગામ ભાજપના ભવ્ય વિજયનો શંખનાદ દેખાઈ રહ્યો છે. જે રીતે ભાજપના ઉમેદવાર રમણલાલ વોરાનું ગામેગામ સામૈયા સાથે સ્વાગત થઈ રહ્યું છે તે જોતાં હરિફો માટે ભાજપના વિજય રથને અટકાવવો મુશ્કેલ છે. ઉમેદવાર, રાજ્ય સરકારના પૂર્વ કેબિનેટ મંત્રી રમણલાલ વોરાને જે રીતે આવકાર મળી રહ્યો છે તે જોઈને વિપક્ષના કાર્યકરો પણ સ્તબ્ધ થઈ રહ્યાનું જોવા મળ્યું છે. ભાજપની જીત નક્કી હોવાનું જણાતાં કોંગ્રેસના અનેક આગેવાન કાર્યકરોએ વિકાસની રાજનીતિ કરતા ભાજપથી પ્રેરાઈને ભાજપનો ભગવો ધારણ કરી લીધો છે.

પ્રાપ્ત જાણકારી અનુસાર ઈડર વિધાનસભા બેઠકનો જંગ જીતવા ભાજપ, કોંગ્રેસ, આમઆદમી પાર્ટીના ઉમેદવારો અને કાર્યકરોએ તમામ તાકાત કામે લગાડી છે પરંતુ જે રીતે ભાજપના ઉમેદવાર રમણલાલ વોરાના આયોજનબદ્ધ પ્રચાર અને અગાઉના વર્ષોમાં તેઓએ કરેલા વિકાસ કાર્યોને યાદ કરી પ્રજારૂપી મતદારોએ ફરીથી તેમને ગાંધીનગર વિધાનસભામાં પ્રતિનિધિત્વ કરવા માટે મોકલવાનો મનોમન નિર્ણય કર્યો હોય તે રીતે પ્રચાર દરમ્યાન ઉષ્મા ભર્યું સન્માન અને સ્વાગત થઈ રહ્યું છે. પાછલા ૨ દિવસ દરમ્યાન કૃષ્ણનગર(મુડેટી), સીયાસણ, મુડેટી, પાંચગામડા, વોરાવાવ, જોડકંપા, સૂર્યનગર, તખતગઢકંપા, ઢીંચણીયા, ઈશ્વરપુરા, લક્ષ્મણપુરા, ઝીંઝવા, રેવાસ, નવા, વસાઈ, જવાનગઢ અને કાનપુરમાં પણ તેમના આગમનને ગ્રામજનો અને ભાજપના કાર્યકરોને ઉત્સાહથી વધાવી લીધું હતું. ભાજપના ઉમેદવારે આ વિસ્તારના સર્વાંગી વિકાસ માટે પોતે બધું જ કર્યું છે અને આવનારા દિવસોમાં પણ જે કોઈ વિકાસના કામો બાકી હશે તેને પરીપૂર્ણ કરવાની મતદારોને ખાત્રી આપી હતી.

# ડીસામાં ભાજપના મહિલા સંમેલનમાં હજારો મહિલાઓ ઉમટી પડી...!!

**ગુજરાતને દેશનું વિકાસ મોડેલ છે... દીપ્તિ રાવલ...**

ડીસા, તા. ૨૦

ડીસા ભાજપ ના ઉમેદવારના સમર્થનમાં




યોજાયેલ મહિલા સંમેલન માં મોટી સંખ્યા માં મહિલાઓ ઉમટી પડી હતી અને ભાજપ ને જીતાડવા હાકલ કરી હતી.ડીસા વિધાનસભા ના ભાજપ ના ઉમેદવાર પ્રવીણ માળી ના સમર્થન માં આજરોજ રાજેશ્રી કોલ્ડ સ્ટોરેજ ખાતે મહિલા સંમેલન યોજાયેલ જેમાં રાષ્ટિય મહિલા મોર્ચા ના મહામંત્રી દીપ્તિ રાવલ અને ગુજરાત મહિલા મોર્ચા ના અધ્યક્ષ ડો દીપિકા સરડવા અને રાજયસભા ના સાંસદ દિનેશભાઈ અનાવડીયા પણ ઉપસ્થિત રહેલ. જયારે સંમેલન માં ઉપસ્થિત હજારો મહિલાનો ને સંબોધતા દીપ્તિ રાવલ એ જણાવ્યું હતું કે વિરોધીઓ ને બોલવાના અને ચાવવાના અલગ છે તેમના શાસન ના રાજ્યો માં ભષ્ટાચાર સિવાય કશું નથી સાથે ગુજરાત એ દેશ નું વિકાસ મોડેલ છે ત્યારે ગુજરાત ની ચૂંટણી પર આખા દેશની નજર છે અને આજે ભૂમિ પર જન્મેલા યુવા ઉમેદવાર પ્રવીણ માળી ને જીતાડવા અને સાથે જિલ્લાની અન્ય પણ સીટ જીતવા મહેનત કરવા અને મહિલા વધુ મતદાર કરે તેવી અપીલ કરી હતી.

# વડગામની અનામત બેઠક કોંગ્રેસના સમર્થકોની ખુલ્લી ધમકી અપાયાનો આક્ષેપ...!!!!

છાપી, તા.૨૦



વડગામ વિધાનસભા ના AIMIM ના ઉમેદવારે ચૂંટણી માં ફોર્મ ભરતા કોંગ્રેસ ના કેટલાક લોકો એ ઉમેદવાર ને ચૂંટણી માંથી ખસી જવા નું કહેવા સાથે ધમકી અપાતા પંથક માં ખળભળાટ મચી જવા પામ્યો છે અત્રે ઉલ્લેખનીય છે કે વડગામ ની બેઠક ઉપર કોંગ્રેસ માંથી જીગ્નેશ મેવાણી ચૂંટણી લડી રહ્યા છે.

પ્રાપ્ત વિગતો મુજબ વડગામ ની એસ.સી.અનામત બેઠક ઉપર કોંગ્રેસ ના જીગ્નેશ મેવાણી સામે કોંગેસ માંથી ભાજપ માં આવેલા મણીલાલ વાઘેલા વચ્ચે ચૂંટણી જંગ ના મડાંણ થયા છે ત્યારે વડગામ બેઠક ઉપર આપ માંથી દલપત ભાટિયા અને એઆઈએમઆઈએમ નો યુવા ચહેરો કલ્પેશ સુંઢિયા એ જંપલાવતાં મુકાબલો ચોપોખીઓ બની રહેતા કોંગેસ ના ઉમેદવાર જીગ્નેશ મેવાણી ને હાર નો ડર સતાવવા લાગતા તેની ટિમ ના સદસ્યો દ્વારા એઆઈએમાઈએમ ના ઉમેદવાર કલ્પેશ સુંઢિયા ઘરે જઈ તેની માતા તેમજ પિતા સહિત પત્ની ઉપર સતત સામાજિક દબાણ કરાવી ઉમેદવારી પરત ખેંચવા દબાણ કરવામાં આવી રહ્યા હોવાનો ગંભીર આક્ષેપ કલ્પેશ સુંઢિયા દ્વારા કરવા માં આવતા ખળભળાટ મચી ગયો છે. કલ્પેશ સુંઢિયા આ વિસ્તાર માં એક યુવા ચહેરા સાથે સ્થાનિક ઉમેદવાર હોવાના કારણે મુસ્લિમ તેમજ દલિત સહિત અન્ય સમાજ નો ટેકો મળતા કોંગ્રેસ ના જીગ્નેશ મેવાણી ને વડગામ બેઠક ઉપર નુકશાન થાય તેવું રાજકીય પંડિતો માની રહ્યા છે. જીગ્નેશ મેવાણી એ સતત પાંચ વર્ષ વડગામ ના ધારાસભ્ય તરીકે રાજકીય રંગ આપવા સિવાય વિકાસ નું એકપણ કામ ન કર્યા નું મતદારો પણ આક્ષેપ કરી રહ્યા છે.

# બનાસકાંઠા એલસીબીએ આંતરરાજ્ય વાહનને ઝડપી પાડ્યો....!!!!

પાલનપુર તા.૨૦

બનાસકાંઠા જિલ્લા એલસીબી પોલીસની ટીમે ગુજરાત અને રાજસ્થાનમાં વાહન ચોરી સહિતની ગુનેગારી આચરતા ધાનેરા તાલુકાના શિયા ગામના એક રીઢા વાહન ચોર ને ચોરીના ત્રણ વાહન સહિત રૂ.૮.૪૦ લાખના મુદ્દામાલ સાથે ઝડપી પાડવાના આવ્યો છે જોકે આ રીઠા ગુનેગાર વિરુદ્ધ ગુજરાત અને રાજસ્થાનમાં જુદાજુદા ૨૧ જેટલા ગુના નોંધાયેલા છે. બનાસકાંઠા જિલ્લા લોકલ ક્રાઈમ બ્રાચની ટીમે વાહન ચોરી સહિતના ગુના ઓના ભેદ ઉકેલવા સઘન ચેકીંગ ઝૂંબેશ હાથ ધરી છે જેમાં પેટ્રોલિંગ દરમ્યાન એક શંકાસ્પદ બોલેરોને અટકાવી તેના ચાલક નરપતસિંહ ઉર્ફે નપીયો રામસિંહ રાજપૂત રહે.શિયા તા.ધાનેરાવાળાની ને યુક્તિ પ્રતિયુક્તિ પૂછતાછ કરતા તેને ગુજરાત તેમજ રાજસ્થાનમાં અલગ અલગ જગ્યા વાહન ચોરી સહીત ના ગુના આચાર્યા હોવાની કબૂલાત કરતા તેની પાસે થી ચોરી કરેલા રૂ.૮.૪૦ લાખણી કિંમત ની



એક બોલેરો, એક ટેક્ટર અને એકબાઈક કબ્જે કરવામાં આવ્યું હતું જોકે આ આ રીઢા ગુનેગાર વિરુદ્ધ બનાસકાંઠાના ધાનેરામાં ૧૩,રાજસ્થાનના રાણીવાડામાં ૨, અમદાવાદમાં ૨, મોરબીમાં બે અને મોડાસામાં ૧ મળી કુલ ૨૧ ગુના ગુના દાખલ થયેલા હોઈ આરોપી અન્ય કોઈ ગુનામાં વધુ ગુના માં સંડોવણી છે કે કેમ તે અંગે વધુ તપાસ હાથ ધરી છે જોકે એલસીબી પોલીસે ઝડપેલ વાહન ચોરથી બનાસકાંઠાના પાલનપુર, ડીસા પાથાવાડા પોલીસલ મથકે દાખલ થયેલા વાહન ચોરીના ગુનાનો ભેદ ઉકેલાયો છે.

# મોડાસા : પીપલ્સબેંકના પૂર્વ મેનેજર ઈમ્તિયાઝ બુલાને ચેક રીટર્ન કેસમાં મોડાસા કોર્ટે ૧ વર્ષની સાદી કેદની સજા ફટકારી

**લઘુમતી અગ્રણી સમાજના રાજા બાબુ પાસેથી લીધેલ ૭ લાખ સામે કોર્ટે ૧૦ લાખ ચુકવવા આદેશ કર્યો**

મોડાસા,તા. ૨૦

મોડાસા નગરપાલિકાના કોર્પોરેટર અને સામાજિક આગેવાન સિકંદર યાકુબભાઈ સુથાર (રાજા બાબુ) પાસેથી ધી.પીપલ્સ બેંકના મેનેજર ઈમ્તિયાઝ અહેમદભાઈ બુલા (ટીણીયા)એ નવ વર્ષ અગાઉ મિનરલ પાણીના પ્લાન્ટ કામ માટે ૭ લાખ રૂપિયા હાથ ઉછીના આપ્યા હતા જેની સામે ઈમ્તિયાઝ બુલાએ ચેક આપ્યો હતો અને વારંવાર ઉઘરાણી કરવા છતાં રૂપિયા પરત ન આપતા રાજબાબુએ ચેક બેંકમાં જમા કરાવતા ઈમ્તિયાઝ બુલના ખાતામાં અપુરતા ભંડોળના પગલે ચેક રીટર્ન થયો હતો. મોડાસાના સામાજીક અગ્રણી સિકંદર યાકુબભાઈ સુથાર (રાજાબાબુ)એ ચેક રીટર્ન કેસની ઈમ્તિયાઝ અહેમદભાઈ બુલા (ટીણીયા) સામે એડવોકેટ એસ.કે.વણકર મારફતે મોડાસા કોર્ટમાં કેસ દાખલ કર્યો હતો જે કેસમાં વકીલ એસ.કે.વણકરની ધારદાર રજુઆતના પગલે કોર્ટે આકરું વલણ અપનાવી આરોપીને એક વર્ષની સાદી કેદની સજા અને ૧૦ લાખ રૂપિયા ચૂકવવાનો આદેશ કર્યો છે અને સમય મર્યાદામાં ન ચૂકવે તો વધુ ત્રણ મહિનાની સાદી કેદનો હુકમ કર્યો છે મોડાસા કોર્ટે ચેક રીટર્ન કેસમાં શખ્ત કાર્યવાહી કરતા ચેક આપી નાણાં મેળવી છેતરપીંડી કરતા ઈસમોમાં ફફડાટ ફેલાયો છે સમગ્ર કેસ એસ.કે.વણકર અને તેમની ટીમના બી.આર પટેલ અને એસ.એન.અમીનની ટીમે ધારદાર રજુઆત કરી હતી.

# મોડાસામાં લગ્ન માટે લઈને નીકળેલ યુવકના ૧.૫૦ લાખ રૂપિયાની છેતરપિંડી કરનાર સલાટ ગેંગના આરોપીને પોલીસે દબોચ્યો

મોડાસા, તા. ૨૦

અમદાવાદની ખાનગી કંપનીમાં નોકરી કરતો અને માલપુર તાલુકાના જીતપુર ગામનો બિપિન જેશાભાઈ નામનો યુવકના લગ્ન લેવાતા કંપનીના માલિક પાસેથી દોઢ લાખ રૂપિયા જેટલી રકમ લઈ ઘરે પરત ફરી રહ્યો હતો મોડાસા બસ સ્ટેન્ડ પર ઉતરી માલપુર રોડ પર સાધનની રાહ જોઈ રહ્યો હતો ત્યારે બે ગઠિયા બાઈક લઈ પહોંચી પાલનપુરનો રસ્તો પૂછી યુવકને વાતોમાં ભોળવી તેની પાસે કાળી થેલીમાં લાખ્ખો રૂપિયા હોવાનું જણાવી તેની પાસે રહેલી કાળી થેલી યુવકને આપી યુવક પાસે રહેલા દોઢ લાખ રૂપિયા અને મોબાઈલ લઈ બંને ગઠિયા ફરાર થઈ જતા યુવકે થેલીમાં રહેલા બંડલને જોતા ઉપર નીચે ૫૦૦ની નોટ વચ્ચે કાગળ હોવાનું જણાતા બે ગઠિયા આબાદ છેતરી જતા ટાઉન પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવતા પોલીસે ગણતરીના કલાકોમાં સલાટ






ગેંગના આરોપીને અને તેના સાગરીતને હિંમતનગરથી દબોચી લીધો હતો

મોડાસા શહેરના માલપુર રોડ પર આવેલા હનુમાન મંદિર નજીક લગ્ન માટે દોઢ લાખ રૂપિયા લઈને વતન નીકળેલ યુવકની સાથે બે ગઠિયા કળા કરી જતા ટાઉન પીઆઈ બી.કે.ભરાઈ અને તેમની ટીમે સીસીટીવી કેમેરા રેકોર્ડિંગ અને બાતમીદારોને સક્રિય કરી હિંમતનગર પોલોગ્રાઉન્ડમાં રહેતા સલાટ ગેંગના વિજય દોલાજી મારવાડી અને કાયદાના સંઘર્ષમાં આવેલા સગીરને દબોચી લઈ કાયદેસરની કાર્યવાહી હાથધરી હતી ટાઉન પોલીસે ગણતરીના કલાકોમાં ગુન્હાનો ભેદ ઉકેલી નાખ્યો હતો છેતરપિંડીના ગુન્હામાં પકડાયેલ આરોપી સામે અમદાવાદમાં અનેક પોલીસ સ્ટેશનમાં ગંભીર ગુન્હા નોંધાયેલા હોવાની સાથે સુરત લાજપોર જેલમાં પાસા હેઠળ ૬ મહિનાની સજા પણ ભોગવી ચુક્યો છે.

મોડાસા ટાઉન પોલીસે સીસીટીવી કેમેરામાં એક નંબર વગરની સ્પ્લેન્ડર બાઈકની ઓળખ કરી બાઈક પર પસાર થતા બે ઈસમો પાસે થેલો જોવા મળ્યા હતા બાઈક પર રહેલા ઈસમો અંગે નેત્રમ અને અન્ય સીસીટીવી કેમેરાનું એનાલીસ કરી બાઈક હિંમતનગર રોડ તરફ જતું જોવા મળતા ટાઉન પોલીસ તાબડતોડ હિંમતનગર પહોંચી બાતમીદારો સક્રિય કરતા બંને આરોપીને દબોચી લેવામાં સફળતા મળી હતી પોલીસે આરોપી પાસેથી ૧.૪૫ લાખ રોકડા,૧૦ હજારનો મોબાઈલ રિકવર કરી ગુન્હામાં વપરાયેલ ૭૦ હજારની બાઈક સાથે ૨.૨૫ લાખનો મુદ્દામાલ રિકવર કર્યો હતો.

# થરાદ ખાતે ભારતીય જનતા પાર્ટીનું કાર્યાલય ખુલ્લુ મુકાયુ

**બહોળી સંખ્યામાં કાર્યકર્તાઓ હાજર રહ્યા**





પાલનપુર તા. ૨૦

થરાદ ખાતે ભારતીય જનતા પાર્ટી માંથી શંકર ચૌધરી ને ઉમેદવાર જાહેર કરતાં થરાદ વિધાનસભા નું કાર્યલય ખુલ્લું મૂકવામાં આવ્યુ હતું. જેમાં સાંસદ પરબત પટેલ દ્વારા રીબીન કાપીને કાર્યાલય ખુલ્લું મૂકવામાં આવ્યુ હતું .તેમજ થરાદ ચાર રસ્તા નજીક ભારતીય જનતા પાર્ટીના કાર્યાલય રાખવામાં આવ્યું હતું. જેમાં બહોળી સંખ્યામાં કાર્યકરો ઉપસ્થિત રહ્યા હતા.